# 'ટાબરિયાંની બાળવાર્તાઓ' વિશે | શ્રદ્ધા ત્રિવેદી

['**ટાબરિયાંની બાળવાર્તાઓ**' : લે. જગદીશ ધનેશ્વર ભટ્ટ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૭૪, કિં. રૂ. ૮૦/-]

શ્રી જગદીશ ધનેશ્વર ભટ્ટ એક સારા બાલસાહિત્યકાર છે. આઠેક જેટલા બાલકાવ્યસંગ્રહો તેમની પાસેથી મળ્યા છે. બાળકો માટે લખ્યું એ પહેલાં જ તેઓ 'લીલીછમ વેદના'થી ગુજરાતી કાવ્યજગતમાં જાણીતા થયા હતા. હવે તેમની પાસેથી 'ટાબરિયાંની બાળવાર્તાઓ' (૨૦૦૮) નામે બાળવાર્તાસંગ્રહ મળે છે. ૭૪ પાનાંના આ સંગ્રહમાં ૪૭ વાર્તાઓ છે. એ તો સ્વયંસિદ્ધ હકીકત છે કે કોઈ વાર્તા લાંબી નથી. કેટલીક વાર્તાઓ એકાદ પાનની છે ને કોઈ કોઈ બે. બસ ! આમ કેમ ? આ 'ટાબરિયાં' માટેની વાર્તાઓ છે. ટાબરિયાં જરાય લંબાણ સહી શકે ? તો જેવો ભાવક તેવી વાર્તા. અલબત્ત, લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ અહીં તેમણે પોતાની બાલ્યાવસ્થામાં સાંભળેલી કે વાંચેલી વાર્તાઓ, જે હજી તેમને યાદ છે, તે અહીં રજૂ કરી છે. અલબત્ત, બધી જ વાર્તાઓ જોકે પરંપરાની નથી, કોઈ કોઈ મૌલિક રચના પણ છે. સર્જક જીવ છે એટલે કંઈક નવું વિચારીને ન મૂકે તો જ નવાઈ ! પણ એકંદરે અહીં સમાજમાં પ્રચલિત કથાનકોનું પ્રમાણ વધારે છે. અહીંની વાર્તાઓ આપણે માટે જાણીતી છે, પણ 'ટાબરિયાં' માટે તો નવી જ રહેવાની ! વળી આ એવી વાર્તાઓ છે જે તે જ્યારે નાના હતા ત્યારે વાંચેલી-સાંભળેલી. એટલે નાનાં બાળકોને કયાં કથાનકો ગમે તેનો અંદાજ તેમને છે. ને હવે જ્યારે તે પોતે 'નાના' કે 'દાદા' થયા છે ત્યારે એ પોતાને ગમતી વાતો અહીં બાળકો માટે લાવ્યા છે.

બાળકોને પ્રેરણા આપે તેવું પહેલું કથાનક છે ત્રણ ટાબરિયાંના પરાક્રમનું. દારૂની ભઠ્ઠી કરનારાઓ પોતાનો આ ખરાબ ધંધો છુપાવવા રાત્રે સ્મશાનમાં બૂમબરાડા પાડતા ને ભડકા કરતા. શિક્ષકની સહાયથી ત્રણ નાનાં બાળકોએ આ પોલ ખોલી. આમ આ સંગ્રહ દ્વારા લેખક બાળકોની બીક ભાંગવા માંગે છે, તેમને નીડર બનાવવા ઇચ્છે છે. આમ પ્રથમ કથાનકથી જ આ સંગ્રહ બાળઘડતરનો પ્રારંભ કરે છે.

અહીં અનેક મહાનુભાવોના જીવનના પ્રેરણાત્મક પ્રસંગોનું રસાવહ આલેખન છે. એ પ્રસંગો નિમિત્તે લેખકે બાળકોને જીવનના કોઈ ને કોઈ ગુણ વિશે વાત કરી છે, જીવનલક્ષી બોધ આપ્યો છે. દા.ત., સી. વી. રામનના પ્રસંગ દ્વારા એકાગ્રતાનું મૂલ્ય સમજાવ્યું છે. અહીં અહમદશાહ, શિવાજી, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, વિદુષી લીલાવતી, વિવેકાનંદ, તાનારીરી કે વાલ્મીકિ જેવી અનેક વિભૂતિઓ – વ્યક્તિઓ નિમિત્તે લેખકે મૂલ્યબોધ આપ્યો છે. બીરબલ જેવા ચતુરપુરુષ કે વિમળશા જેવી વ્યક્તિઓના પ્રસંગો સાદી ભાષામાં વર્ણવ્યા છે. કુંભનદાસના પ્રસંગ દ્વારા સંતોષનો મહિમા અને સાચા આનંદની વાત કરી છે. અલબત્ત, આ બધા પ્રસંગો વાર્તાઓ નથી, પણ બાળમાનસઘડતર માટે પથ્ય વાચનસામગ્રી બની રહે છે. આમ તો ચતુરાઈ માટે બીરબલ જાણીતું પાત્ર છે, અહીં તેની ચતુરાઈની એક વાર્તા છે. તો સાથે ચાતુરીપ્રધાન અન્ય વાર્તાઓ પણ છે. દા.ત. 'ચતુર શેઠશેઠાણી' – આમાં શેઠ-શેઠાણી કેવી ચતુરાઈપૂર્વક ચોરને 'દીકરો' કરી પોલીસને સોંપે છે તે સાંભળી બાળક ખુશ થાય તો વાંદરો, ચકલી, શિયાળ જેવાં પશુ-પંખીની ચતુરાઈની વાતો પણ છે. એ તો સ્વાભાવિક છે કે બાળકોને પશુપંખીની વાર્તાઓમાં વિશેષ રસ પડે. તેથી જ અહીં ગધેડો, વાંદરો, ચકલી, હરણ, બિલાડી, સિંહ વગેરેની નાની વાર્તાઓનું પ્રમાણ ખૂબ છે. અલબત્ત, આમાંના મોટા ભાગનાં કથાનકો પ્રચલિત છે તેથી લેખકે માત્ર રજૂઆત પરત્વે જ સભાનતા દાખવવાની છે, ને તે લેખકે રાખી છે. નાનાં નાનાં સાદાં વાક્યોમાં વાર્તા રજૂ થાય છે ને છેલ્લે તેમાં જે બોધ રહેલો હોય છે તેને ટૂંકમાં તે રજૂ કરે છે. દા.ત. 'મોટાનું પગલું.' સિંહનાં પગલાંને સાચવવા બેઠેલું બકરીનું બચ્ચું કઈ રીતે વરુ-રીંછ પાસેથી બચે છે ને છેલ્લે સિંહ એને કેવી રીતે સાચવે છે તે વાંચી બાળકને મજા પડે. તો 'શિયાળની ચતુરાઈ' વાર્તામાં શિયાળ ને શિયાળવી સિંહથી બચવા ખોટેખોટું કહે છે ને બચી જાય છે. ત્યાં લેખક લખે છે : 'સંકટ સમયે અટવાયા સિવાય તેમાંથી નીકળવાનો રસ્તો વિચારવો જોઈએ.' તો મૂર્ખાઓની વાર્તા પણ નોંધપાત્ર છે. 'ગણતર વિનાનું ભણતર'માં માત્ર પુસ્તકિયું જ્ઞાન ધરાવનારાઓની સરસ ઠેકડી ઉડાડી છે. 'ધીરજની કસોટી' વાર્તામાં લેખકે લાંબુ કથાનક, બહુ નાનાં નાનાં વાક્યો દ્વારા ટૂંકમાં સીધી રીતે રજૂ કર્યું છે. વાક્યો કેવાં નાનાં ને કથાનક કેવું સીધી ગતિએ ચાલે છે તે જોઈએ : ''વરસો જૂની વાત છે. ચંદ્રનગર નામે શહેર હતું. દરિયા કિનારે હતું. ત્યાંના લોકો સુખી હતા. કામધંધા સારા હતા. ખાધેપીધે સૌ સુખી હતા. આ શહેરમાં લક્ષ્મીચંદ શેઠ રહે. તેમનાં પોતાનાં વહાણો હતાં. દેશ-પરદેશનો વેપાર ખેડે. વહાણો પરદેશમય. વરસે પાછાં વળે. અહીંથી માલ પરદેશ લઈ જાય. ત્યાંથી માલ લાવે. મબલખ કમાણી.'' કેવી સરળ સીધી રજૂઆત છે તે જોઈ શકાય છે. સામાન્યતઃ લેખકે મોટેભાગે વાર્તાના અંતે ટૂંકમાં એ વાર્તાના સારરૂપ કોઈ મૂલ્યને રજૂ કર્યું છે. એકાદ વિધાનમાં તે રજૂ થાય ત્યારે તો તે યોગ્ય લાગે અથવા ચાલે. પણ જ્યારે એમાં બોધકતા વધુ આવે તો કઠે. દા.ત. 'વતનપ્રેમ' વાર્તાનો અંત. જોકે આવું તે અપવાદ રૂપે જ થયું છે. બાકી ટાબરિયાં માટે આ વાર્તાઓ છે તેથી લેખકે જે રીતે તેને મૂકી છે તે યોગ્ય છે. હવે તેઓ સંપૂર્ણ મૌલિક કથાઓનો સંગ્રહ પણ આપે તો ભૂલકાંઓને વધુ ગમશે.

r